

વિશાળ રંગોળી પારૂલ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુટ્સના વિદ્યાર્થીઓ અને પારૂલ સેવાશ્રમ હોસ્પિટલનાં કર્મચારીઓ દ્વારા પારૂલ કેમ્પસ ખાતે એઈડ્સ સામે જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને સાંજે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ ખાતે એઈડ્સની પ્રતિકૃતિ દર્શાવતી ૧૫ કિલો ગુલાબો અને રંગોની ૫૦ ફુટ વિશાળ રંગોળી બનાવીને રંગોળીની ફરતે મીણબત્તીઓ પ્રગટાવી હતી. (તસવીર : કીર્તિ પડિયા)

Gujarat Samachar, Dated : 01/12/2013

# આજે એઈડ્સ અવેરનેસ ડે






પારુલ કેમ્પસમા એઈડ્સ રિબનની રંગોળી બનાવાઈ તો, ક્રિપા ફાઉન્ડેશન દ્વારા અવેરનેસ રેલી યોજાઈ હતી.

## AWARNESS

### પારુલ કેમ્પસમાં ફૂલો અને રંગોળીથી એઈડ્સ રિબન બનાવાઈ

• સિટી રિપોર્ટર વડોદરા

1 ડિસેમ્બરે સમગ્ર વિશ્વમાં સેલિબ્રેટ થતા વર્લ્ડ એઈડ્સ ડેના આગલા દિવસે શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેના દ્વારા લોકોને એઈડ્સ અંગે અવેર કરવામાં આવ્યા હતા.

શહેરની પારુલ ઈન્સ્ટિટ્યૂટના સ્ટુડન્ટ્સ અને પારુલ સેવાશ્રમ હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા કેમ્પસમાં એઈડ્સ અંગેની અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસમાં ગુલાબ અને રંગોની વિશાળ રંગોળી બનાવાઈ હતી. આ ઉપરાંત ક્રિપા ફાઉન્ડેશન દ્વારા નિઝામપુરા ખાતે અવેરનેસ કાર્યક્રમ યોજાયો. જેમાં પોસ્ટર પ્રદર્શન કરીને રેડ રિબીનનું વિતરણ કરાયું હતું.

### શહેરમાં આજે કાર્યક્રમો

આજે મેડિકલ કોલેજ ખાતે ગુજરાત રાજ્ય એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી અને વડોદરા મહાનગર સેવાસદનના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાનું સેલિબ્રેશન કરાશે. આ પ્રસંગે સવારે 9.00 કલાકે સેવાસદનથી એક રેલી નીકળશે. જે 10.00 કલાકે મેડિકલ કોલેજ પહોંચશે. જ્યાં એઈડ્સને લગતી સેવાઓના એવોર્ડ્સ અપાશે. સૌથી વધુ એચઆઈવી ટેસ્ટીંગ કરવા બદલ એસએસજી હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગને હસ્ત વાત્સાયન કેન્દ્રને સ્ટાર અચિવર એવોર્ડ અપાશે. કેન્દ્રએ ગુજરાતમાં સૌથી વધુ એટલે કે, 10,453 કેસોમાં સફળ કાઉન્સેલિંગ અને એચઆઈવી ટેસ્ટીંગ કરેલ છે.

City Bhaskar, Dated : 01/12/2013